ગુજરાત રાજ્યની બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મકાન ભાડા, ઈતરખર્ચના વિકલ્પે ફી લેવા માટે વિકલ્પ આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક/બમશ-૧૯૯૯-૭૪૧(ક)-ગ
સચિવાલય ગાંધીનગર
તા. ૧૩-૮-૯૯

સંદર્ભ:- શિક્ષણ વિભાગના તા. ૨-૭-૯૯ના ઠરાવ ક્રમાંક/બમશ/૧૯૯૯-૭૪૧(૪)ગ.

## ઠરાવ

શિક્ષણ વિભાગના ઉપર સંદર્ભમાં જણાવેલ ઠરાવ અન્વયે રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મકાન ભાડા તથા ઈતરખર્ચની ગ્રાન્ટના વિકલ્પે વિદ્યાર્થીઓ પાસેથી ફી લેવાની છુટ આપવામાં આવેલ છે. આ અંગે જાણવા મળ્યા પ્રમાણે શાળા સંચાલકો આ જોગવાઈનો મનસ્વી રીતે ઉપયોગ કરે છે અને આ બાબતમાં જિલ્લા શિક્ષણાધિકારીની મંજુરી લીધા સિવાય વિદ્યાર્થીઓ પાસેથી ફી ઉઘરાવવામાં આવે છે એટલે આ બાબતમાં નીચે મુજબની સૂચનાઓ બહાર પાડવાનું સરકારશ્રીએ ઠરાવેલ છે.

વિભાગના તા. ૨-૭-૯૯ના ઠરાવના ફકરા-૨માં જણાવ્યા પ્રમાણે મકાન ભાડુ અને ઈતર ખર્ચના વિકલ્પે ફી ઉઘરાવવા માટેનો વિકલ્પ ત્રણ મહિનામાં જિલ્લા શિક્ષણાધિકારીને આપવાનો રહેશે અને આવો વિકલ્પ આપ્યા બાદ તેને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજુરી મળે ત્યારબાદ જ વિદ્યાર્થીઓ પાસેથી ફી લઈ શકશે. તે સિવાય શાળા સંચાલકો માત્ર એક વિકલ્પ સ્વિકારાયો છે તેમ માની વિદ્યાર્થીઓ પાસેથી ફી લઈ શકશે નહી. આ બાબત સંબંધિત શાળા સંચાલકોના ધ્યાન ઉપર લાવવાની જવાબદારી કમિશ્નરશ્રી(સ્કુલ)ની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી.કે.ભટ્ટ
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર,

ક્રમાંક/માધ્ય./૪૪/૯૯-૦૦/૬૭૩૪-૭૧૩૮

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
વઢવાણની ઉતારો, રાજકોટ
તારીખ:૧૮/૮/૯૯

પ્રિન્સિપાલ/આચાર્યશ્રી,
તમામ બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
રાજકોટ જિલ્લો, રાજકોટ

ઉપરોક્ત બાબતે રવાના જાણ તથા અમલાર્થે.

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ,

૪૧